<u>આંક – ૧ નીચે હુકમ</u>

(૧) આજ રોજ **તા.૧૩/૦૮/૨૦૨૨** ની નેશનલ લોક અદાલતમાં ફરિયાદી તથા એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ફરિયાદી તર્ફે આંક– _______ ની પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે પક્ષકારોએ નોટીસ કાઢતા ફરિયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરિયાદી/ભોગ બનનાર હાલની પુરસીસથી જાહેર કરે છેકે, તેઓ આરોપી વિરુધ્ધ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરવા માગે છે અને તેઓ સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ તેઓને વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખે છે.

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય અથવા બજેલ હોય અને હાજર થયેલ ન હોય અને રજૂ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ આરોપી વિરૂધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટના ઘ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧. વાય.બી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા.૨૦૦૮ ક્રિ.લો જ.૯૨૮

૨. યેસુદાસ અને બીજા વિ.સબ ઈન્સ્પેકટર ઓફ પોલીસ,કલ્લાસમેસરી અને બીજા.૨૦૦૮ ક્રિ.લો.જ.૧૨૯૦

(૩) સદર ઓથોરીટીમાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબ નો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એકપક્ષીય ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦(૧) તથા ૩૨૦ (૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાના કોલમ નં.૩માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરિયાદી / ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહિ.

(ડી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ઘ્યાને લેતાં કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહિ.

(ઈ) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટ ગુનાનું સંજ્ઞાન લેતાં પહેલાં ઈન્વેસ્ટેગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ, ઉપરોકત ઓથોરીટીઓમાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ. પ્રો.કોડની કલમ ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર / માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજિયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજિયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરિયાદીની હકીકતને ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકસાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરિયાદી / ભોગ બનનારે સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહિત કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાંણા વેડફવા બરાબર થશે. માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

૧. આરોપીને / અરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦ અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કો.ગુનાના તહોમતનામાંથી નિદાર્ષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ અંગે અગાઉ જો વચગાળાનો હુકમ કરેલ હોય તો આથી કાયમ રાખવામાં આવે છે, અન્યથા, મુદ્દામાલ અપીલ સમય બાદ માલિકી અંગેની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી/ઓના જામીનખત અપીલ સમય વિત્યે રદ ગણવા.

હુકમ આજરોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(ડા.આર.એન.કરનાની)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ**
**કોર્ટ નં.૧૫, અમદાવાદ**
**કોડ નં.જીજે૦૧૦૮૦.**

**સ્થળ :– અમદાવાદ**
**તા.૧૩/૦૮/૨૦૨૨**